પોલીસ ઇન્સ્પેકટરની કચેરી
નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ
શહેર
ફોનનં-૦૭૯-૨૫૭૩૦૨૦૦
E-polstn-narol-ahd @gujarat.gov.in
પોલીસ કંટ્રોલરૂમ ટેલીફોન નંબર–૦૭૯-૨૫૬૨૭૫૧૦

---

# પ્રેસ નોટ

## *** નારોલ પોલીસ સ્ટેશન ***

## નારોલ પોલીસ સ્ટેશનના વિદેશીદારુના ગુનામાં બે વર્ષથી વોન્ટેડ આરોપીને પકડી પાડતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સા. શ્રી તેમજ ના.પો.કમિ.શ્રી, ઝોન-૬ સા. તેમજ ઇ.મ.પો.કમિ.શ્રી “કે” ડીવીઝન અમદાવાદ શહેર શ્રી નાઓની સુચના અને માર્ગદર્શન આધારે ઇન્સપેકટર એસ.એ.ગોહીલ સાહેબ નાઓના સીધા સુપરવિઝન હેઠળ નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓને પકડવા સારુ સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઈ. જે.એસ.ચૌધરી તથા પો.કો.યોગેશકુમાર ભગવતપ્રસાદ બ.નં.૬૩૬૦ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ મહોબતસિંહ બ.નં.૬૩૯૮ તથા પો.કો.અસ્લમબેગ નશરુબેગ બ.નં.૫૪૨૩ તથા બીજા સ્ટાફના માણસો પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ઈસનપુર ચાર રસ્તા પાસે આવતાં સાથેના પો.કો.યોગેશકુમાર ભગવતપ્રસાદ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ મહોબતસિંહ નાઓને ખાનગી રાહે સંયુકત બાતમી હકિકત મળેલ કે “નારોલ પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં.૫૦૪૯/૨૦૧૮ ધી પ્રોહી. એકટ કલમ. ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબના ગુનાનો વોન્ટેડ આરોપી રાહુલદેવ જગદીશચંદ્ર મિસ્ત્રી રહે.વિષ્ણુ સોસાયટી હિંમતનગર સાબરકાંઠા નાનો અત્રે થઈ વટવા તરફ જવાનો છે. જેણે શરીરે રાખોડી કલરનો શર્ટ તથા વાદળી કલરનુ જીન્સનુ પેન્ટ પહેરેલ છે.” જે બાતમી હકિકત આધારે વોચમાં રહેતાં વોન્ટેડ આરોપી રાહુલદેવ સન/ઓફ જગદીશચંદ્ર જાતે સથવારા (મિસ્ત્રી) ઉ.વ-૩૫ ધંધો- ડ્રાઈવીંગ રહે-એ/૫૩, વિષ્ણુ

સોસાયટી, મહાવીરનગર, હિંમતનગર જી-સાબરકાંઠા હાલ રહે.મ.નં.એ/૨૫/૩, ગોકુલ ગેલેક્ષી, તળાવ પાસે, કઠવાડા ગામ નરોડા અમદાવાદ શહેર નાનો મળી આવતાં સદરી આરોપીને નારોલ પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં.૫૦૪૯/૨૦૧૮ ધી પ્રોહી. એકટ ક્લમ. ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબના ગુનામાં તા.૧૯/૦૧/૨૦૨૦ ના કલાક ૨૦/૩૦ વાગે પકડી અટક કરી નારોલ પોલીસ સ્ટેશનના વિદેશીદારુના ગુનામાં બે વર્ષથી વોન્ટેડ આરોપીને પકડી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

